ગોટાળો @ ગાંધીનગર.કોમ

જો થશે આનો અમલ તો થશે આવક ડબલ

ગાંધીનગર એક એવું શહેર છે કે, જ્યાં ભીખારીઓને પણ ભીખ માંગવા કરતાં ભીખ આપવાની વધારે ઈચ્છા થાય. કારણ તમને બધાને ખબર જ છે કે, ગાંધીનગરા આપવા કરતાં માંગવામાં વધારે પાવરધા હોય છે. એટલે અહીંના ભીખારીઓ પણ રીક્ષા ભાડે કરીને અમદાવાદ અપ-ડાઉન કરે છે ત્યારે આવી પરિસ્થિતિમાં પોતાની દુકાન ચલાવવા માટે ગાંધીનગર મહાનગર પાલિકાને ફીણ નીકળી જાય તેવી હાલત થવા પામી છે. 'આમદની અઠન્ની ખર્ચા રૂપૈયા' જેવી સ્થિતિમાં મનપા પાસે આવકનો કોઈ સ્ત્રોત નથી. એટલે તેમના દુઃખે દુઃખી થનારા ગંભીરે કેટલાક એવા પ્રકારના વેરા (ટેક્ષ) અને દંડની રચના કરી છે કે, મ્યુનિસિપાલિટીએ મને કે કમને તેને અપનાવવા વિચાર કરવો પડશે.

● **ટ્રાફિક ટેક્ષ :** આપણે સૌ જાણીએ છીએ તેમ કે, ગાંધીનગર શહેરમાં બધા જ 'સાહેબો' વસે છે (કર્મચારીઓ, પટાવાળા, જમીન દલાલો અને વેપારીઓ તો તેમની જાતને પી.એમ. કરતાં પણ ઉંચા માને છે) તેઓ તેમના નિયમો મુજબ ગાડી ફેરવે છે અને પાર્ક કરે છે. એટલા માટે શહેરમાં વસતા અને ગાડી કે ગાડીઓ રાખતા લોકો પાસેથી માસિક ટ્રાફિક ટેક્ષ ઉઘરાવવો જોઈએ.

● **સ્વચ્છતા વેરો :** આપણા શહેરમાં ઘરે ઘરે 'આપણું નગર સ્વચ્છ નગર'ની ભાવના પ્રવર્તી રહી છે. બાળકથી માંડીને વૃદ્ધ પણ સ્વચ્છતા પ્રત્યે સભાન છે. ગંદકી તો આ શહેરની ફિતરતમાં જ નથી. શહેરની જાહેર ઈમારતો જોઈ લો, ત્યાં લાલ રંગની પીચકારી તેમને જોવા મળશે નહીં શહેરના બાગ બગીચામાં તમે કચરો શોધતા જ રહી જશો. આપણે એટલા બધા સ્વચ્છ છીએ કે રસ્તામાં ગમે ત્યાં કચરો નાંખતા આપણી અંતરઆત્મા ખુદને ધિક્કારે છે. એટલે આ શહેરમાં જો સ્વચ્છતા વેરો દાખલ કરવામાં આવે તો મનપાની કમાણી અધધધધ....

● **કાયદેસર બાંધકામ વેરો :** ગાંધીનગરમાં બધા જ સરકારી અધિકારીઓ-કર્મચારીઓના મકાનો નીતિ નિયમો અનુસાર જ બનાવવામાં આવ્યા છે. જયારે શહેરમાં બે માળના મકાનની મંજૂરી હતી ત્યારે નવા બનેલા સેકટરોમાં એક પણ ઈમારત અઢિ કે ત્રણ માળની નહોતી. કોઈ પણ મકાનમાં ગેરકાયદેસરનું વધારાનું બાંધકામ જોવા મળશે નહીં. એટલે આ શહેરમાં કાયદેસરના મકાનના બાંધકામ ઉપર માસિક વેરો વસૂલ કરવાની કવાયત શરૂ કરવા જેવી છે.

● **ઘરકામ વેરો :** શહેરમાં હવે ઘરે ઘરે કામવાળી બાંધવાની ફેશન આવી છે. ગંગા બહેનના ઘરે કામવાળી હોય તો હંસાને પણ કામવાળી જોઈએ. ગાંધીનગરમાં કામવાળીઓ બિચારી બહુ જ ઓછો પગાર માંગે છે. જો વધુ માંગે તો મકાન માલિક તેમને કાઢી મુકે છે અને બીજી કામવાળી બાંધી લે છે. એટલે કામવાળી દીઠ દરેક ઘરેથી માસિક ઓછામાં ઓછો ૫૦૦ રૂપિયા ટેક્ષ ઉઘરાવવો હિતાવહ છે.

આ તો થઈ વેરાની વાતો પરંતુ ગંભીરે કેટલાંક પ્રકારના દંડની પણ જોગવાઈ કરી છે તેના પર નજર નાંખીએ...

● **સીધા રહેવા બદલનો દંડ :** જો કોઈ પાનના ગલ્લે યુવાન કે પુરૂષ હાથમાં સિગારેટ કે મોઢામાં ૧ ૩પના મસાલા વગર ઉભેલો દેખાય તો તેની પાસેથી 'નિકોટીનના મંદિર' આગળ નિકોટીનનું અપમાન કરવાનો દંડ વસૂલવો જોઈએ. ગરવા ગુજરાતના પાટનગરમાં આવું જ હોય ને ?

● **પ્રેમાલાપ ન કરવાનો દંડ :** લવ ગાર્ડન તરીકે પ્રખ્યાત થયેલા સરિતા ઉદ્યાન, હરણ ઉદ્યાન અને સેન્ટ્રલ વિસ્ટામાં ખાલી ખાલી બેસી રહેલા અને હળી મળીને વાંચતા યુવાન અને યુવતીઓ પાસેથી દંડ વસૂલ કરવામાં આવવો જોઈએ. લવ ગાર્ડનમાં બેસીને તો કાંઈ વંચાતું હશે? ખાલી ખાલી બેસાતું હશે?

● **પત્રકાર પેનલ્ટી :** શહેરમાં વસતા અને શહરમાં નોકરી કરતાં બાહોશ પત્રકારો ક્યારેક છાપામાં વધારે જાહેરખબરને કારણે શહેરને સ્પર્શતા મુખ્ય સમાચાર ચૂકી જાય તો તેમની પાસેથી રોકડમાં પેનલ્ટી વસૂલ કરવામાં આવે. જો આ ઉઘરાણાની જવાબદારી સી.બી.ડી. એસોસિએશનને સોંપવામાં આવશે તો ઘણો ફરક પડી શકે તેમ છે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કેટલાંક દર્દીઓ સારવાર માટે આવે છે. પરંતુ દર્દીઓની લાઈન જોઈને જ તેમનું દરદ મટી જાય છે અને ડોકટરને મળ્યા વગર કે દવા લીધા વગર પરત થઈ જાય છે તો આવા લોકો પાસેથી સિવિલમાંથી દવા લીધા વગર પરત જવાનો દંડ વસૂલવો જોઈએ.

● શહેરમાં પકોડીઓનો ધંધો પણ ફુલ્યોફાલ્યો છે. શહેરમાં પકોડી રસિકો પણ કુદકેને ભૂસકે વધી રહ્યા છે. એટલે દરેક પકોડીવાળા જો દરરોજની ૫૦૦ પકોડી ન વેચી શકે તો તેમની પાસેથી શહેરીજનોના ટેસ્ટના અપમાનનું મૂલ્ય રોકડમાં વસુલ કરવામાં આવવું જોઈએ.

ગંભીરે તો આવા ઘણા વેરા અને દંડ સૂચવ્યા છે. જો ગંભીરની આ સ્કિમમાં રિચાર્જ કરી દેવામાં આવે તો ગાંધીનગર મનપાની આવક સમગ્ર દેશની મ્યુનિસિપાલિટી કરતાં ચડિયાતી થઈ જાય તેમ છે. તમને શું લાગે છે? તમારા મંતવ્યો આવકાર્ય છે.

- દર્શના Email : www.gotadogadhinagarno.blogspot.com

બાળકોને અને નિયમિત મુસાફરોને જેની ઈંતેઝારી હતી તે ડબલ ડેકર બસ ગાંધીનગરમાં આખરે આવી પહોંચી છે. વિટકોસ દ્વારા આ ડબલ ડેકરનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. અલબત્ત, હજુ નોંધણી વગેરેની પ્રક્રિયા ચાલી રહી હોવાથી રસ્તા ઉપર વિધિપૂર્વક દોડવામાં તેને એક સપ્તાહ જેટલો સમય લાગશે. ઉલ્લેખનીય છે કે પચીસ વર્ષ પછી ગાંધીનગરમાં ડબલ ડેકર દોડતી થશે. હાલ ઘ-૩ એટલે કે વિટકોસના બસ સ્ટેન્ડથી ઘ રોડ, ઘ-૬, ચ-૬, અક્ષરધામ થઈ ચિલોડા સુધીનો રૂટ આ ડબલ ડેકર માટે નિયત કરાયો છે. **(તસવીર : દિપક જાની)**

માધ્યમિક શાળાઓ બપોરની કરવાના આદેશથી ગાંધીનગરમાં ખળભળાટ

ગાંધીનગરની ૪૨ માધ્યમિક શાળાઓના સમયમાં ફેરફારથી સમસ્યાઓ સર્જાવાની વ્યાપક ચર્ચા : ટયુશન વર્ગો અને શિક્ષકોને પણ ભારે ફટકો પડવાની દહેશત

ગાંધીનગર, તા.૧૫

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને બપોરની પાળીની કરવાનો પરિપત્ર થતાં ગાંધીનગરમાં શિક્ષણ જગતમાં ચિંતા પ્રસરી ગઈ છે. એક જ શાળામાં બે પાળી ચાલતી હોય તેવી શાળાના સંચાલકો મુંઝવણમાં છે. સાથે જ બપોર બાદ ટયુશન કરતા ટયુશન શિક્ષકોને પણ આ નિર્ણયથી અસર થઈ શકે છે.

ગાંધીનગરમાં ૪૦થી વધુ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ છે. આ બધી જ શાળાઓ સવારની પાળીમાં ચાલે છે. માધ્યમિક શાળાઓ સવારની પાળીમાં ચલાવવી તે શિરસ્તો વર્ષોથી ચાલ્યો આવે છે તેમાં કોઈ બદલાવ આવ્યો નથી. હવે અચાનક જ માધ્યમિક-ઉ. માધ્યમિક શાળાઓને બપોરની પાળીમાં ચલાવવાનો નિર્ણય લેવાતા સંચાલકો સામે ઘણી મુશ્કેલીઓ આવીને ઉભી છે. ઘણી શાળાઓ એવી છે જેમાં સવારે માધ્યમિક અને બપોરે પ્રાથમિક શાળાઓ ચાલે છે. હવે માધ્યમિક શાળાઓનો સમય બપોરનો કરવામાં આવતા પ્રાથમિક શાળાનો સમય કયો કરવો તે મુંઝવણ છે. કારણ કે

પ્રાથમિક શાળાઓ સવારની કરવાની સંભાવનાથી નાના બાળકોના પ્રશ્નો પણ ઉભા થશે

પ્રાથમિક શાળાના નાના બાળકોને સવારે સ્કુલમાં બોલાવવા અઘરા પડે છે. ઠંડીની ઋતુમાં તો બાળકોને ખુબ જ તકલીફ પડે તેમ છે. શાળાનો સમય છ થી સાત કલાકનો હોય છે ત્યારે પ્રાથમિક શાળાઓ સવારે સાત વાગે જ શરૂ કરવી પડે. આટલા વહેલા નાના બાળકોને શાળાએ બોલાવવા તે અઘરું કામ છે.

માધ્યમિક શાળાઓ સવારની પાળીમાં ચાલતી હોઈ ધો-૮ થી ૧૨ના ટયુશન કલાસીસનો સમય બપોર બાદ રહેતો. બાળકોને ટયુશન માટે સમયની ખુબ અનુકુળતા રહેતી. ટયુશન શિક્ષકોને પણ ખુબ સમય રહેતા તેઓ દિવસમાં ઘણા બધા કલાસ લઈ શકતા. હવે માધ્યમિક શાળાઓ બપોરની થતાં ટયુશનના સંચાલકોને પણ મુશ્કેલી પડશે. તેમને સવારે અને સાંજે જ સમય મળશે જે ખુબ ઓછો હશે. શાળા સંચાલકો, ટયુશન શિક્ષકોની જેમ જ સ્કુલ વર્ધીના વાહનચાલકોને પણ નવેસરથી પોતાના શિડયુલ ગોઠવવા પડશે. હમણાં તો વેકેશન છે પરંતુ નવા સત્રથી કેવી વ્યવસ્થા ગોઠવાય છે તેના પર વાલીઓ-વિદ્યાર્થીઓની નજર રહેશે અત્યારે તો શાળા સંચાલકો મુંઝવણમાં જ છે.

ગાંધીનગર શહેરમાં સૌપ્રથમવાર યોજાઈ મેચ્યોર-અમેચ્યોર ફોટોગ્રાફર્સની ફોટોવૉક

તસવીર : આલોક બ્રહ્મભટ્ટ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં આજે સૌપ્રથમવાર મેચ્યોર-અમેચ્યોર ફોટોગ્રાફર્સની ફોટોવૉકનું આયોજન કરવામાં આવ્યું હતું.

ફોટોવૉક એટલે ફોટોગ્રાફર્સનું એક જૂથ પોતપોતાના કેમેરા લઈ એક નિશ્ચિત સ્થળે જાય અને પોતાની દ્રષ્ટિ પ્રમાણે ત્યાં ફોટોગ્રાફી કરે. એ પછી પરસ્પર ફોટોગ્રાફસનું પ્રદર્શન થાય, ફોટોગ્રાફસ વિશે ચર્ચાઓ થાય અને અનુભવી ફોટોગ્રાફર હોય તે ફોટોગ્રાફ માટેના એંગલ, કેમેરાવર્ક, લાઈટ સેન્સ, ઈફેક્ટ વગેરે બાબતો અંગે માર્ગદર્શન આપે, ફોટોગ્રાફર્સના સવાલોના જવાબો પણ આપે. આ પ્રવૃત્તિથી ઘણા લાભ. પહેલો લાભ એ કે એક રસ ધરાવતા લોકો એટલે કે ફોટોગ્રાફર્સ ભેગા મળે. બીજો લાભ એ કે એક જ સ્થળના અલગ અલગ ફોટોગ્રાફસ મળે. ત્રીજો લાભ એ કે પોતાની કલા સુધારવાની એમને તક મળે, અન્યના અનુભવનો લાભ મળે અને ચૉથો લાભ એ કે આવી વૉકના કારણે સામાન્ય લોકો જ્યાં ઓછું પહોંચી શકયા હોય એવાં સ્થળોનાં સુંદર ફોટોગ્રાફસ લોકોને જોવા મળે. પ્રવૃત્તિનો આનંદ મળે એ તો પાછું આ પ્રવૃત્તિનું બોનસ.

યુરોપ અને અમેરિકામાં આવી ફોટોવૉક પ્રચલિત છે. ત્યાં તો ફોટોગ્રાફર્સનું ઝૂંડ એક વિષય પકડીને ફોટોગ્રાફસ લેવા નીકળી પડે અને ખરેખર જ આશ્ચર્ય થાય તેવું કામ કરી બતાવે. દિલ્હી, મુંબઈમાં પણ ફોટોગ્રાફર્સ દ્વારા થોડાં વર્ષોથી આવી ફોટોવૉક થાય છે અને અમદાવાદમાં ફોટોગ્રાફર્સ હૅરીટેજ વૉક કરે છે. મતલબ કે હૅરીટેડ પ્લેસના ફોટોગ્રાફસ તેઓ કૅપ્ચર કરે છે. ગાંધીનગરમાં આજે ફોટોવૉક યોજાઈ તે શહેર માટે પહેલી જ. શહેરના આશાસ્પદ યુવાન આલોક બ્રહ્મભટ્ટે આ ફોટોવૉકનું આયોજન કર્યું હતું, જેમાં તેમના ઉપરાંત અન્ય છ ફોટોગ્રાફર્સ - વિજય પવાર, ધ્યાન ત્રિવેદી, અર્પણ પંડ્યા, દેવાંશ ત્રિવેદી, અંબાલિકા ભટ્ટ અને રિષિલ સુદે ભાગ લીધો હતો.

તસવીર : અર્પણ પંડ્યા

તસવીર : ધ્યાન ત્રિવેદી

'સીન બટ અનએક્સપ્લોર્ડ' (દેખાતું છતાં અજાણ્યું !) વિષય નિશ્ચિત કરીને આ ફોટોવૉક માટે ઈન્દ્રોડા ગામના છેવાડે સ્થિત પુરાણા કિલ્લાની સ્થળ તરીકે પસંદગી કરવામાં આવી. એ પછી આ સાત ફોટોગ્રાફર્સે પોતાની દ્રષ્ટિથી અને પોતાના નાના-મોટા કેમેરાથી જે ફોટોગ્રાફસ કૅપ્ચર કર્યા છે તે એ વાતની ઍંધાણી આપે છે કે ભવિષ્યમાં આ પ્રવૃત્તિ પ્રશસ્તિ મેળવવાની છે અને સમાજને સારા ફોટોગ્રાફસની ભેટ પણ આપવાની છે. આ હેતુસર આલોક બ્રહ્મભટ્ટ દ્વારા આગામી દિવસોમાં આવી ફોટોવૉકને આગળ ચલાવવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે, જે અંતર્ગત ફોટોગ્રાફર્સને સુંદર ફોટોગ્રાફસ ઉપરાંત ફિલ્ડ વર્ક અને માર્ગદર્શન પણ મળી રહેશે. આ અંગેની વધુ વિગતો માટે આલોક બ્રહ્મભટ્ટની વેબસાઈટની મુલાકાત પણ લઈ શકાય છે : **www.alokbrahmbhatt.info**

તસવીર : દેવાંશ ત્રિવેદી

ગાંધીનગરમાં પલ્સ પોલિયો અભિયાન સંદર્ભે રવિવારે વહેલી સવારે મુખ્યમંત્રીશ્રીએ ભૂલકાઓને પોલીયો વિરોધી રસીના ટીપાં પીવડાવી સમગ્ર અભિયાનનો શુભારંભ કરાવ્યો હતો. ગાંધીનગર શહેરમાં આરોગ્ય વિભાગ તથા ગાંધીનગર રોટરી ક્લબ અને અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી રસીકરણની કામગીરી પુરજોશમાં ચાલી હતી. **(તસવીર : દિપક જાની)**

ઘઉંના વધેલા ભાવથી ગૃહિણીઓ ચિંતિત

આ વર્ષે ગુજરાતમાં પાક ઓછો થયો છે : ૨૦૦૦થી ૩૦૦૦ સુધીના ભાવમાં વિવિધ જાતના ઘઉં મળી રહે છે

ગાંધીનગર, તા. ૧૩

વર્ષભરના મસાલા ભરી લીધા બાદ ગૃહિણીઓ આજકાલ બજારમાં ઘઉં જોવા ખરીદવા નીકળી પડી છે. આ વર્ષે ઘઉંના ભાવ ઉંચા હોવાથી વધેલી મોંઘવારીમાં ઘઉંની ખરીદી કેમ કરવી તેની ચિંતા ગૃહિણીઓ કરી રહી છે. ગાંધીનગરના બજારોમાં પણ વિવિધ પ્રકારના ઘઉં આવી ગયા છે અને તેની ખરીદી પણ શરૂ થઈ ચુકી છે.

ઘઉંની સિઝન ચાલી રહી છે ત્યારે બજારમાં ખરીદી કરવા જતી ગૃહિણીઓ ઘઉંના વધેલા ભાવથી ચિંતિત છે. જીવનજરૂરી ચિજવસ્તુઓ મોંઘી બની છે ત્યારે ઘઉંમાં ૧૦ થી ૧૫ ટકાના ભાવવધારાની મોંઘવારીથી ગૃહિણીઓ ચિંતિત બની છે. ગુજરાતમાં ઓછા વાવેતરથી પાક ઓછો થયો છે. સારી ઠંડી પછી એમ.પી., રાજસ્થાન અને પંજાબમાં બમ્પર પાક વચ્ચે પરપ્રાંતિય ઘઉં બજારમાં ઠલવાવાના શરૂ થયા છે. ગુજરાતમાં ઘઉંના ટેકાના ભાવમાં રૂ. ૧૧૫ના વધારા ઉપરાંત અન્ય રાજયોમાં પણ ટેકાના ભાવ વધતા ઘઉં મોંઘા બન્યાનું વેપારીઓ માને છે. જો કે, ટેકાના ભાવમાં ૧૧૫ના વધારા પછી ખુલ્લા બજારમાં ઘઉંના ભાવમાં ૨૦૦ થી ૩૦૦નો વધારો થયો છે. આમ છતાં, અમદાવાદ સહિત ગુજરાતમાં રૂ. ૧૫૦૦ થી ૩૦૦૦ ના ભાવથી ટૂકડી, લોકવન અને દાઉદખાની ઘઉંની સિઝનની

● અનુસંધાન પાન-૫ પર

સે-૨૧ જીમખાનાનો સ્લેબ તૂટયો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના સેકટર-૨૧માં આવેલા જીમખાનાનો ગત રોજ અચાનક સ્લેબ તૂટી પડયો હતો. જો કે આ આકસ્મિક બનાવથી કોઈ વ્યકિતને જાનહાની પહોંચી ન હતી. જીમખાનામાં નિયમિત રીતે આવતા સભ્યોએ પોતાની નિયત સમયપત્રકની કામગીરી ચાલુ કરી દીધી હતી ત્યારે અચાનક જીમખાનાનો એક તરફનો સ્લેબ ધરાશયી થઈ ગયો હતો. આસપાસ કોઈ વ્યકિતની અવરજવર ન હોવાથી જાનમાલની નુકસાની થઈ ન હતી એમ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

ખૂણે ખાંચરેથી

● ગાંધીનગર નજીક આવેલ ઘણપ પાટિયા પાસે આજે હિંમતનગરથી આવતી એક કારે અજાણ્યા શખ્સને ટકકર મારી હતી. આ અજાણ્યા શખ્સનું સારવાર દરમ્યાન અવસાન થયું છે. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ● આજે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે રાજયના તમામ કલેકટરો, જિલ્લા વિકાસ અધિકારીઓ તેમજ પ્રાંત અધિકારીઓની સંયુકત બેઠક મળનાર છે. ● આજે જિલ્લા તંત્ર એ મતદાન અને પલ્સ પોલિયો અભિયાનમાં મોડી રાત સુધી ફરજો બજાવી હતી. ● આજે જિલ્લા પુરવઠા અધિકારીઓની પણ એક મહત્વની બેઠક ગાંધીનગર ખાતે મળનાર છે. ● ગરીબ કલ્યાણ મેળાઓ સંપન્ન થયા બાદ મંત્રીશ્રીઓ હવે તાલુકા કક્ષાએ અધિકારીઓ અને કાર્યકરો સાથે બેઠક કરી વિવિધ સમીક્ષાઓ કરશે.

ટયુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

જાહેર નિમંત્રણ
રોરવા મુક્તિધામના લાભાર્થે
શ્રી શિવ મહાપુરાણ કથા
: વક્તા :
ગુજરાતના પ્રસિદ્ધ કથાકાર
પરમ પૂજ્ય કન્હૈયાલાલજી મહારાજ

કથા પ્રારંભ
તા. ૧૩-૪-૨૦૧૨, શુક્રવાર
કથા વિરામ
તા. ૨૧-૪-૨૦૧૨, શનિવાર
કથા સ્થળ
સરદાર ચોક, મુ.રોરવા, તા.જી. ગાંધીનગર
: ખાસ કાર્યક્રમ :
તા. ૨૦-૪-૧૨ને શુક્રવારે રાત્રે ૧૦-૦૦ કલાકે
દ્વાદશ જ્યોતિર્લીંગ પ્રાગટ્ય પ્રસંગે આંતરરાષ્ટ્રીય નૃત્યકાર હરિઓમ પંચોલી દ્વારા શિવ તાંડવ નૃત્ય
તા. ૨૧-૪-૨૦૧૨ને શનિવારે રાત્રે ૯-૦૦ કલાકે
૫૦૧ દિવાની મધુર આરતી અને સમુહ આરતી
શિવ મહાપુરાણ કથાનું લાઈવ ટેલીકાસ્ટ
www.sstudiokadi.com પરથી થશે

નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૧૭-૪-૧૨, મંગળવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. સેક્ટર-૧૪

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાસુમન
આંસુઓનું આંખમાં ઝુલી જ્યું,
કેટલું વસમું અનંતને ભુલી જ્યું.

સ્વ. અનંતકુમાર નટુભાઈ પરમાર
M.Sc. (IT) Officer, Corporation Bank
Eye-Donor
નટુભાઈ - રસીલાબેન પરમાર
● સ્નેહલ-નમ્રતા-અક્ષત ● અપેક્ષા-દક્ષેશ
● અક્ષરા-જોય તથા પરિવાર
૧૬૮/૨, સૂર્યનારાયણ સોસાયટી, સેક્ટર-૨૫, ગાંધીનગર. ૯૮૨૫૬૩૨૮૩૮

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT BIRLA TYRES
તમામ સાઈઝના ટ્રાયલ-રબ્બર ટ્રાયર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

SANGHI CEMENT KISAN BENELAVE H.FIXIT vinAmrSoo TMT BARS - ISI TATA STEEL • PIPES • SHEETS SANGHI STEEL - ISI ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com